# ૧૨ આપણાં કામ

F2W3Z2




રમેશ કડિયાકામ (mason work-મેસન વર્ક) કરે છે. દરરોજની જેમ, રમેશ સવારનો નાસ્તો કર્યા પછી ચાની દુકાને પહોંચ્યો. આજે તેનો ભાઈ રાજેશ પણ સાથે હતો. તે ગામડેથી આવ્યો હતો. ચાવાળાએ તેઓને ચા આપી અને કહ્યું, ''લો, આજનું છાપું છે.''

રાજેશે પૂછ્યું, 'તમે આખો દિવસ અહીંયાં કેવી રીતે પસાર કરશો ? તમે કંટાળી નહિ જાઓ' ? રમેશે કહ્યું : ''અરે ના, મારું કામ પણ કરીશ અને જો... આસપાસ કેટલાં બધાં લોકો જુદાં-જુદાં કામ કરે છે.''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




કોઈને ખબર પણ નથી કે સમય ક્યાં જાય છે. પેલાં બાળકોને જુઓ. તે આજે શાળા માટે મોડાં પડ્યાં છે. એટલે એ બધાં દોડે છે. જુઓ, જેમનું ચંપલ તૂટી ગયું છે તે શાળાનાં શિક્ષિકા (teacher-ટીચર) છે. કદાચ એમને એટલે મોડું થયું હશે. તે જગ્ગુભાઈ પાસે ચંપલ ઠીક કરાવવા જઈ રહ્યાં છે. જગ્ગુભાઈને પણ વહેલી સવારમાં થોડા પૈસા મળી જશે.

પાઠ ભણાવતાં પહેલાં બાળકોને ચિત્રનું અવલોકન કરવાની અને સમજવાની તક આપવી. બાળકોમાં ચિત્રનું અવલોકન કરવાનાં કૌશલ્યોનો વિકાસ થાય એ મહત્ત્વનું છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચંપા ફૂલ ભરેલાં ટોપલા સાથે ત્યાં બેઠી છે. પોસ્ટ-ઑફિસમાં કામ કરતી મહિલા તેની પાસેથી દરરોજ ફૂલ ખરીદે છે.

બાંધકામ ફરીથી ચાલુ થઈ ગયું છે. ટ્રકો સામાન લાવી રહી છે. કારીગરો ફરીથી આખો દિવસ કામમાં વ્યસ્ત થઈ જશે.

ત્યાં જુઓ, ડૉક્ટર (doctor) અને નર્સ (nurse) એકસાથે દવાખાનામાં જઈ રહ્યાં છે.

જુઓ રાયજી તેનાં ફળોની લારી સાથે છે. આ દિવસોમાં તે પોતાની સાથે મમતાને લાવે છે. મમતા ફળો આપવા અને પૈસા ઉઘરાવવા આજુબાજુ દોડે છે.

નાનુ વાળંદે (barber-બાર્બર) તેની દુકાન ખોલી દીધી છે, પણ એ કોની દાઢી બનાવશે ?

ચાર રસ્તાની વચ્ચે ઈકબાલ સિંઘ ઊભા છે. આખો દિવસ, તેઓ એમની સિસોટી વગાડે અને બૂમો પાડે છે - 'તમારું વાહન અહીંથી ખસેડો. એએ...એ...એ... ઓય તમે મને સાંભળ્યો નહિ... ગાડું દૂર લઈ લો.'

આમ કહી રમેશ પોતાનો ખાલી કપ મૂકીને નજીકની દુકાન તરફ ગયો.

માણસો ચાર રસ્તા ઉપર અને અઠવાડિક બજારમાં કઈ રીતે પોતાની સામગ્રી વેચે છે ? અભિનય કરો.



## વિચારો અને લખો :

❊ ચિત્ર જુઓ અને અલગ-અલગ લોકો શું કામ કરી રહ્યાં છે તે લખો :

V8Y9F2



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❇ તમારા પડોશમાં રહેતા લોકો કેવા પ્રકારનાં કામ કરે છે ? કોઈ પણ પાંચ કામનાં નામ લખો. આ કારીગરોને શું કહેવાય છે ?

| કામ | તેઓને શું કહેવાય ? |
|---|---|
| કાર અને સ્કૂટરને ઠીક કરતાં | મિકેનિક |
| | |
| | |
| | |
| | |
| | |



નીચે યાદીમાં, પ્રકરણની શરૂઆતમાં આપેલા ચિત્રમાં દર્શાવેલા મકાનો પર ● કરો. તમારા આસપાસના વિસ્તારમાં આવેલાં મકાનો પર ● કરો.

- ◯ પોસ્ટ-ઑફિસ
- ◯ દવાખાનું
- ◯ મંદિર
- ◯ ટેલિફોન બૂથ
- ◯ શાળા
- ◯ કૉલેજ
- ◯ સરકારી કચેરી
- ◯ ચર્ચ
- ◯ બહુમાળી મકાન
- ◯ ધર્મશાળા
- ◯ હૉટેલ
- ◯ બસ-સ્ટૅન્ડ
- ◯ સિનેમા હૉલ
- ◯ પોલીસ-સ્ટેશન
- ◯ બૅન્ક
- ◯ પેટ્રોલ પંપ
- ◯ દુકાન
- ◯ ગુરુદ્વારા
- ◯ મસ્જિદ
- ◯ રેલવે-સ્ટેશન
- ◯ ન્યાયાલય (કોર્ટ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિચારો અને કહો :

❇ કોઈ પણ પાંચ મકાનનાં નામ અને તેમાં કયાં-કયાં કામ થાય છે તે લખો.

| મકાનનું નામ | થયેલું કામ |
|---|---|
| દવાખાનું | ● દર્દીની સારવાર (treatment-ટ્રીટમેન્ટ)<br>● બાળકો માટે રસીકરણ (vaccination-વેક્સિનેશન) |
| ________________ | ________________ |
| ________________ | ________________ |
| ________________ | ________________ |
| ________________ | ________________ |
| ________________ | ________________ |

ચિત્રમાં તમે જોયું કે, નવું મકાન બનાવવા માટે ઘણાં લોકો સાથે કામ કરી રહ્યાં હતાં. શાળા પણ એવી જગ્યા છે, જ્યાં ઘણાં લોકો જોડાયેલાં હોય છે.

❇ શાળામાં કયાં કામ થાય છે તે લખો.

| | |
|---|---|
| | |
| | |
| | |

❇ ચિત્રમાં કોઈ એવાં બાળકો છે જેઓ શાળાએ જતાં નથી ? તેઓ શું કરે છે ?

________________________________________

________________________________________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ઘરકામ :

દીપાલી પણ એક એવી જ છોકરી છે, જે શાળાએ જતી નથી. ચાલો તેના વિશે જાણીએ :

દીપાલી એના કુટુંબમાં સૌથી મોટી છે. તેના પિતા શાકભાજી વેચે છે તે શાકના બજારમાં જવા વહેલી સવારમાં જ નીકળી જાય છે. તેની માતા કેટલાંક ઘરનાં વાસણો ધૂએ છે. તે પણ વહેલી સવારમાં કામ માટે નીકળી જાય છે. દીપાલી તેનાં ભાઈઓ અને બહેનો માટે જમવાનું બનાવે છે. તે ઘર સાફ કરે અને વાસણ પણ સાફ કરે. તેને રેડિયો સાંભળવો ખૂબ જ પસંદ છે. તે કામ કરતાં-કરતાં ગીતો સાંભળે છે. કામ કર્યા બાદ તે તેના ભાઈને પિતા પાસે મૂકવા જાય છે, પછી તે તેની નાની બહેનો સુમન અને શૈલાને શાળાએ લઈ જાય છે.



દીપાલી તેની માતાને ઘરનાં કામમાં મદદ કરે છે. બપોરે, તે તેનાં ભાઈ અને બહેનોને ઘરે પાછાં લાવે છે. સાંજે તે પડોશનાં બીજાં બાળકો સાથે રમે છે. તેની માતા સાંજે ઘરે મોડાં આવે છે. દીપાલી તેની માતાને સાંજનું જમવાનું બનાવવામાં મદદ કરે છે. તેના પિતા રાત્રે ખૂબ જ મોડા આવે છે.

રાત્રે દીપાલી પથારીમાં સૂતાં-સૂતાં તેની બહેનની શાળાનું પુસ્તક વાંચવાનું પસંદ કરે છે. તે ધોરણ ૩ સુધી જ ભણી છે. ત્રણ વર્ષ પહેલાં જ્યારે તેના નાના ભાઈનો જન્મ થયો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એટલે તેની સંભાળ રાખવા દીપાલીને ઘરે રહેવું પડ્યું. આ કારણે તે વધારે ભણી શકી નહિ. તેને લાગે છે કે, પુસ્તકો વાંચવાથી તેને જાણવા મળશે. હવે, તે ફરી શાળામાં દાખલ થઈ છે અને નિયમિત શાળાએ જાય છે.

## યાદ કરો અને લખો :

❇ દીપાલી તેના પોતાના ઘરમાં ક્યાં-ક્યાં કામ કરે છે ?

____________ ____________ ____________

____________ ____________ ____________

❇ શું તમે પણ ઘરનાં કામ કરો છો ? જો હા, તો ક્યાં-ક્યાં ?

____________ ____________ ____________

____________ ____________ ____________

❇ ઘરનાં કામ સિવાય બીજાં કોઈ કામ તમે કરો છો ? જો હા તો ક્યાં-ક્યાં ?


____________ ____________ ____________


____________ ____________ ____________





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


નીચે વિવિધ ક્રિયાઓ આપેલી છે. દિવસના કયા સમયે તમે કઈ ક્રિયાઓ કરો છો તે ઘડિયાળમાં નોંધો.



સવારમાં ઊઠવું


શાળાએ જવું


શાળાએથી પાછા ફરવું


ઘરે ભણવા બેસવું


રમવા જવું


રાત્રે સૂઈ જવું

❄ તમારા ઘરના કયા સભ્યો ઘરનાં કામ કરે છે ? તેઓ કયાં કામ કરે છે ?

| કુટુંબના સભ્યો | તેઓનાં કામ |
|---|---|
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |
| ______________ | ______________ |

ચર્ચા દ્વારા અલગ-અલગ કામ તેનું ચોક્કસ મહત્ત્વ ધરાવે છે. કોઈ પણ કામ સારું અથવા ખરાબ હોતું નથી. જ્યારે ઘરમાં કુટુંબના સભ્યોનાં કામ વિશે વાત કરીએ ત્યારે જાતિનો ભેદભાવ હોવો ન જોઈએ. આ માટે બાળકો સાથે ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❇ તમારા કુટુંબના કયા સભ્યો પૈસા કમાવાનું કામ કરે છે ?

| કુટુંબના સભ્યો | તેઓનાં કામ |
|---|---|
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |

તમારા કુટુંબના કયા સભ્યો કામ કરે છે, પરંતુ તેઓને તેના પૈસા મળતા નથી ?

તમારાં દાદા-દાદી પાસેથી જાણો, તેઓ જ્યારે બાળક હતાં ત્યારે કેવાં કામ કરતાં હતાં ?

સરલા તેનાં બાને આ જ પ્રશ્ન પૂછે છે. બાએ જવાબ આપ્યો, ‘‘જ્યારે હું નાની હતી ત્યારે મારા વડીલોને લાકડાં વીણવામાં, છાણાં બનાવવામાં અને છાણથી દીવાલ લીંપવામાં મદદ કરતી હતી. હવે આપણી પાસે સગડી છે, જે ગૅસથી ચાલે છે. આપણાં ઘરની દીવાલો અને છત સિમેન્ટની છે.’’ સરલાને તેના બાએ બાળપણમાં જે કામ કર્યાં, એવાં કોઈ કામ કરવાની જરૂર નથી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



❋ તમે અને તમારા વડીલોએ બાળપણમાં કરેલાં કામ વિશે લખ્યું. એમાં તફાવત છે ?



❋ દીપાલીએ ઘરનું કામ કરવા શાળાએ જવાનું છોડવું પડ્યું. તમારા પડોશમાં પાંચ વર્ષથી ઉપરનાં બાળકો જે શાળાએ જતાં ન હોય, તે શોધી કાઢો.

❋ કોઈ પણ બે બાળક સાથે વાત કરી તેમનું શાળાએ ન જવાનું કારણ શોધો.

❋ આ બાળકને કેવી શાળા ગમે એ અંગે લખો.

| | |
|---|---|
| પ્રથમ બાળકનું નામ | |
| શાળાએ ન જવાનું કારણ (reason-રિઝન) | |
| શાળામાં શું ગમે તેની વિગત | |
| બીજા બાળકનું નામ | |
| શાળાએ ન જવાનું કારણ | |
| શાળામાં શું ગમે તેની વિગત | |

**લખો :**

❋ આ બાળકને શાળામાં આવતા કરવા તમે શું કરશો ?

________________________________________

________________________________________

શાળામાં ન ગયેલું બાળક ન હોય, તો આ વખતે ગેરહાજર બાળકની મુલાકાત લેવાનું માર્ગદર્શન આપવું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in